# “SUDARSHAN”

Weekly E-bulletin of Rotary club of Surat

1st October 21-22

Rotary club of Surat

SERVE TO CHANGE LIVES

Issue -14

R.I. President
**Shekhar Mehta**

District Governor
**Santosh Pradhan**

President
**Bhishma Jariwala**

Hon. Secretary
**Nikhil Madrasi**

Editor
**R’ann Manjari Desai**

We meet every Friday
Dr. Sarosh Bhacca Memorial Rotary Hall,
Jeevan Bharti School Annexe, Timaliawad,
Nanpura, Surat - 395001
For Private Circulaion only

Bulletin_01.jpg

# *Health is Wealth - Prevention is better than cure!*

Friday, 24th September 2021

The 14th Meeting of RC Surat held on Friday, 24th September 2021 started with National Anthem. President Bhishma Jariwala called the meeting to order. Four-Way test was recited by Dipak Gandhi.

President Bhishma Jariwala in her welcome address narrated insight on importance of the topic and how the understanding on such an important subject may save lives of our near and dear once. She informed that today's programme is jointly organized with Association of Chest Physicians of Gujarat and welcomed the guest speakers Dr. Samir Gami & Dr. Parul Vadgama.

Hon. Secretary Nikhil Madrasi made secretarial announcements, birthday and anniversary greetings followed by introduction of the guests. Youth Exchange chairman Manoj Gautam shared information about RYE programme. A hearty vote of thanks was proposed by PP Yatish Parekh.

Learned speaker Dr.Samir Gami, a Chest Physician & Intensivist & ECMO Specialist provided detailed information on 'Allergy Disorders & it's Treatment'. He explained the topics like what is Allergy, Symptoms, different kind of tests, importance of Skin Prick Test, treatment, difference between infection and allergy etc..

The expert Dr.Parul Vadgama, Associate Professor – Govt. Medical College, Surat - Social Activist & Syndicate Member – V N S G U provided guidance on Post Covid Complications & Its' management . She mentioned that the experts are not able to define the exact cause or treatment for long term effects of COVID, hence precautions and care is must. She explained in detail the nature of post COVID conditions, short term and long term complications, multiorgan dysfunction , Post COVID syndrome specially in aged people including lack of response from immune system, reinfection of the virus, post-traumatic stress, multisystem inflammatory syndrome etc.. What is Mucor mycosis, its symptoms, treatment etc..

Both the sessions were followed by question & answers from the audience. Members from RC Surat, R C Surat Rander & Inner Wheel Club of Surat got benefited from this informative and interactive meeting.




" SMILES cost nothing, but they illuminate life's pathway wonderfully."

....Paul P. Harris





Bulletin_02.jpg

## 'ચર્ચા ડૉક્ટરો સાથે'

શુક્રવાર, તા.૨૪.૦૯.૨૦૨૧

ચાલો સાથે મળી ભગવાનના વારસ બનીએ
શરત બસ એટલી કે સૌ પ્રથમ માણસ બનીએ.

આવી વિચાર સરણી ધરાવતા બે મુઠ્ઠી ઊંચેરા માનવીઓ ડૉ સમીર ગામી – જાણીતા અને માનીતા ચેસ્ટ ફીઝીશ્યન અને  ડૉ. પારૂલ વડગામા – ગવર્મેન્ટ મેડીકલ કોલેજના ખૂબ જ સક્રિય અને બાહોશ એસો. પ્રોફેસર રોટરી ક્લબ ઓફ સુરતના આંગણે – તા. ૨૪/૦૯/૨૦૨૧ ને શુક્રવારે પધાર્યા. એસોસીએશન ઓફ ચેસ્ટ ફીઝીશ્યન ઓફ ગુજરાતે ચેસ્ટને લગતા રોગો, કોવિડ પછીના પ્રોબ્લેમ્સ વગેરે માટે લોકોમાં જાગૃતતા લાવવાની ઝુંબેશ ઉપાડી છે – એ અંતર્ગત ડૉ. સમીર ગામી અને ડૉ. પારૂલ વડગામા રોટરી ક્લબ સાથે મળીને સમાજને સાચી જાણકારી આપવામાં સફળ રહયા. ખૂબ જ મોટી સંખ્યામાં લોકોએ આ મોકા નો લાભ લીધો. ફક્ત રોટરી ક્લબના સભ્યો જ નહિ પરંતુ ઈનરવ્હીલ ક્લબ ઓફ સુરત, રોટરી ક્લબ ઓફ સુરત રાંદેર તથા અન્ય ઘણા લોકો ઉપસ્થિત રહયા અને પ્રશ્નોતરીમાં પણ સક્રિય ભાગ લીધો. ડૉ. સમીર ગામીએ એમના વિડીયોમાં અસ્થમા – એલર્જી વિશે વિસ્તૃત માહિતી આપી – એના લક્ષણ, ઈલાજની વિવિધ પધ્ધતિઓ જેમાં ઈમ્યુનો થેરાપીનો પણ સમાવેશ થાય છે. ડૉ. પારૂલ વડગામા કે જેમણે પોતે પણ કોવિડને હરાવ્યો છે – કોવિડ પછીની ઈફેક્ટસ વિશે ખૂબ જ રસપ્રદ અને જાણવા જેવી માહિતીઓ આપી અને શું કાળજી રાખવી જેથી તંદુરસ્તી ભર્યું જીવી શકાય એ માહિતી પણ આપી. બંને મિત્રોએ પ્રેક્ષકોની મૂંઝવણના જવાબો ખૂબ જ પ્રેમથી અને ચિવટાઈથી આપ્યા. એકંદરે ખૂબ માહિતી સભર સંધ્યા રહી.

ગાંધીજીએ ખૂબ જ સાચું કહ્યું છે.

સોનાચાંદીના ટુકડા એ સાચી સંપત્તિ નથી આરોગ્ય એજ સાચી સંપત્તિ છે.

ફોર વે ટેસ્ટનું વાંચન રો. દીપક ગાંધી એ કર્યું હતું.

ભિષ્માબેને ભાવભીનો આવકાર આપ્યો અને મહેમાનોને સ્મૃતિ ભેટ આપી. સેક્રેટરી નિખિલ મદ્રાસીએ બંને મહેમાનોનો સુપેરે પરિચય કરાવ્યો અને આવનારા કાર્યક્રમોની જાણકારી આપી. રોટેરીયન  મનોજ ગૌતમે ૨૦૨૨-૨૩ ના ઈન્ટરનેશનલ યુથ એક્સેચેન્જ પ્રોગ્રામની માહિતી આપી હતી.

ભૂતપૂર્વ પ્રમુખ રો. યતીશ પારેખે આભાર વિધી આટોપી હતી. ભૂપેન્દ્રભાઈ જરીવાળાએ અને રૂપેશભાઈ જરીવાળા સ્વાદિષ્ટ રાજસ્થાની વાનગીઓથી સૌને તૃપ્ત કર્યા હતા.

## એક નવીન પ્રોજેક્ટ

## 'સાયકલને રી-સાયકલ કરવાનો'

રોટરી ક્લબ ઓફ સુરતે, સાયકલ ક્લબ સાથે મળીને જૂની સાયકલ ને રીપેર કરી જરૂરિયાત વાળા લોકો સુધી પહોચાડવાનું એક નવીનતમ કાર્ય હાથમાં લીધું છે. જો તમારા ઘરે જૂની સાયકલ પડી હોય તો રોટરી ક્લબ ઓફ સુરતને જાણ કરો, એ તમારે ત્યાંથી લઈ, સાયકલ ક્લબ સાથે મળી રીપેર કરાવશે અને પછી જેમના થી સાયકલ જેટલો ખર્ચો પણ નથી કરી શકતા એવા બાળકો અને મોટી વ્યકિત સુધી પહોંચાડશે. કેટલો અદ્ભૂત વિચાર ! સાયકલ મેળવનાર ચોક્કસ જ આશીર્વાદ આપશે.

## બાળ આંગણવાડી

## 'ભૂલકાઓનું  સ્મિત'

શનિવાર, તા. ૨૫.૦૯.૨૦૨૧

ઈશ્વર બધે જ છે – પરંતુ જો ખરેખર ઈશ્વરને જોવો હોય તો સહસ, સરળ, નાદાન બાળકો સાથે સમય વિતાવો. જો ઈશ્વરની આરાધના કરવી હોય તો નાના ભૂલકાઓની સંભાળ રાખો – આ ઉદ્દેશ્યને રો. કેતન પટેલે તા. ૨૫/૦૯/૨૦૨૧ ને દિવસે ખૂબ ભાવસભર રીતે ભૂલકાઓને બાળ આંગણવાડી જઈને નાસ્તો કરાવી પાર પાડયો. આ કાર્યમાં કેતનભાઈના ધર્મપત્ની રોટરી પાર્ટનર જીજ્ઞાષાબેને પણ ઉમળકાથી ભાગ લીધો.



# "ભૂખ્યાને ભોજન"

ગુરુવાર, તા. ૨૩-૦૯-૨૦૨૧

આર્થિક રીતે નબળા માણસને ભોજન આપવાનું કાર્ય પવિત્ર કર્તવ્ય છે, ઈશ્વરનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. કીર્તિ, ધનદોલત, ભોગવિલાસ ક્ષણિક છે પણ દુઃખીનો સહારો બની, એમને માટે કાંઈક કરીએ તો જન્મોજનમ એ સત્ કર્મ સાથ આપશે. આ આશયને સાકાર કરવા રો. મૃણાલ કોઠારી અને રો. પાર્ટનર ટિંજલ કોઠારી કર્તવ્યના પૂજારી બન્યા. સાથે જોડાયા રો. દક્ષાબેન શાહ અને રો. કુન્દનભાઈ શાહ. સર્વએ ખૂબ જ ઉમદા કાર્ય માટે સમય આપ્યો એવું કહી શકાય.












Bulletin_04.jpg

# INCOMING.....

## : October :

**2nd** — Indoor Games
Bal Aanganwadi
ભૂખ્યાને ભોજન

**3rd** — Mega blood donation camp

**8th** — Navratri Celebrations

Rotary Rotaract

Indradhanussh

District 3060 Conference

January 7, 8, & 9th 2022






Happy Birthday!

3rd October — Meghal Baxi

**Please Note:**
Change in meeting day & date
Will meet on Saturday 2nd October
instead of 1st October, Friday

PEACEBUILDING AND CONFLICT PREVENTION
DISEASE PREVENTION AND TREATMENT
WATER, SANITATION, AND HYGIENE
MATERNAL AND CHILD HEALTH
BASIC EDUCATION AND LITERACY
COMMUNITY ECONOMIC DEVELOPMENT
ENVIRONMENT






















Bulletin_06.jpg